સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સત્તા માટે સિદ્ધાંત ત્યાગમાં 'પ્રવિણ' હોય છે!
પદ ને પૈસા માટે જાત વેંચવામાં 'પ્રવિણ' હોય છે!
'પ્રવિણ' હોય છે ગૂલાંટ મારવામાં આ માંકડા -!
મતદારના વિશ્વાસઘાતમાં 'પ્રવિણ' હોય છે!
(સત્તા લોભીઓ...)

હાઈકુ

સત્તા લાલચું!
પદ ને પૈસા માટે -
લે બદનામી...

મોઢે આવેલો -
છીનવાયો કોળિયો,
બિચારી કોંગી !!

ચિંતન

સ્વભાવં નૈવ મુગ્ચન્તિ, સંતઃ સંસર્ગતોડસતામ્ ।
ન ત્યજન્તિ રુતં મંજુ હાકસંપર્કતઃ પિકાઃ ॥

સજ્જનો દુર્જનોના સંસર્ગના સ્વભાવથી સ્વભાવનો ત્યાગ કરતાં નથી, કોયલ કાગડાની સોબતથી મધુર ટહુકારનો ત્યાગ કરતી નથી.

સારા માણસ સદાય પોતાના સાત્ત્વિક ગુણોનો ત્યાગ કરતા નથી દુષ્ટ-લુચ્ચો માણસ ગમે તેટલો અભિનય કે દ્રોહ કરે છતાં સદ્‌ગુણી તેને મનોમન પણ ક્ષમા આપી તેનાથી દૂર રહેવા પ્રયત્ન કરે છે.

સંત-સજ્જનનો આ સ્વભાવ છે દુષ્ટ-લુચ્ચાં જનોને સાથે રહીને પણ તેમને ક્ષમા આપીને કે સમજાવીને સુધારવા પ્રયત્ન કરે પણ વૈરભાવથી પોતાના સદ્‌ગુણ છોડી તેવાની સામે તેવા થતા નથી.

આ વાત સમજાવવા અહીં કોયલનું દૃષ્ટાંત આપ્યું છે. તેના બચ્ચાં કાગડાના માળામાં ઉછરે છતાં 'ટહુકો' છોડતાં નથી.

સુવિચાર

- વિકલ્પ મિલેંગે બહુત માર્ગ ભટકાને કે લિએ,
  સંકલ્પ એક હી કાફી હૈ મંઝીલ તક જાને કે લિએ - **અકબર જલાલપુરી**
- સફળતા એટલે વ્યક્તિની છેલ્લી સિદ્ધિ અને એના આરંભ વચ્ચેનું અંતર - **ગોલ્ડ સ્મિત**
- મન અને બુદ્ધિની ભાષામાં બાંસુરી વાદન અને ડિસ્કો જેટલો તફાવત છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- સાચા સુખની કિંમત સમજવામાં જીંદગીના
  તોફાનો અને ઝંઝાવાતોનો ફાળો ખૂબ જ મોટો હોય છે - **બર્નાડ શો**
- નફરત કરનારો પ્રેમ ગુમાવે છે પણ પ્રેમ કરનારો કંઈ ગુમાવતો નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- શરીર પાણીથી, મન સત્યથી, આત્મ ધર્મથી અને બુદ્ધિ જ્ઞાનથી પવિત્ર બને છે - **મનુ સ્મૃતિ**
- આજનું ઔષધ : લીચી ફળ ખાવાથી દમ અને આર્થરાઈટીસના દર્દીઓને ફાયદો થાય છે

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

નવી સરકાર આવે એટલે તરત રાજપાલો, ન્યાયાધીશો, પોલીસ અધિકારીઓ, સચિવોની બદલીઓ કરે તેમના પક્ષના નાના કાર્યકર પણ હવામાં અદ્ધર ઉડતા થાય, મંત્રીની પત્નીઓ બીજી કોઈ ગાડીને ઓવરટેક કરવા ન દે વળી એ લોકોને કોઈ કાયદા-લાઈનના નિયમો નડે જ નહીં - 'સત્તા' રાક્ષસ છે એના પર સંયમથી જો અંકુશ ન રાખો તો તમને જ ખાઈ જાય - અને મુજવીતી તુજ વીતશે જેવું છે - સત્તા બદલે એટલે એ જ પાપ સામાં આવે.

મરિયમના દીકરા ઈસા પાસે એક મંત્ર હતો ગમે ને હાડકાં પર મંત્ર બોલી પાણી છાંટે તો તે સજીવન થઈ જાય. જેરૂસલેમ નજીકના રણમાંથી પસાર થતા હતા ત્યારે ત્રણ-ચાર બળુકા એ એમને ઓળખી લીધા. એમને ખબર હતી - કે આની પાસે 'મૂલ્યવાન મંત્ર' છે વિનંતી - વિવાદ - ધમકી સુધી પહોંચી એ મંત્ર આપવાની હઠ કરી. ઈસાએ એમને સમજાવ્યા કે આ જોખમી મંત્ર છે જો સાચવીને નહીં વાપરો તો ભયંકર પરિણામ આવશે. મંત્ર આપી દીધો. પેલા લોકોએ રણમાં હાડકાંનો ઢગલો જોયો અને ઉત્સુકતાથી સચ્ચાઈની પરખ કરવા મંત્ર બોલ્યા. એક વિકરાળ ડાયનાસોર જેવું પ્રાણી ઊભું થયું અને ચારેને ખાઈ ગયું!! સત્તાનો મંત્ર વાપરવામાં સંયમ જોઈએ.

ઉજ્જૈનની આફતના લેખાજોખા જરૂરી

આખા વરસથી અખબારો અને ટીવી ચેનલો પર ઉજ્જૈનની પવિત્ર ક્ષિપ્રા નદીના કાંઠે આયોજિત થનાર કુંભમેળાની રૂપકડી જાહેર ખબરો પ્રસારિત થતી રહી હતી અને મધ્યપ્રદેશની શિવરાજસિંહ સરકારે એનું સો ટકા પરફેક્ટ આયોજન કરવામાં પણ કશી મણા નહોતી રાખી, છતાં આખરે પ્રકૃતિએ એનો પરચો તો બતાવ્યો જ! મહાકાલની નગરીમાં દેશભરના સાધુસંતોએ તંબૂ તાણ્યા છે. ભાગ્યે જ કોઈ નામાંકિત સાધુ મહાત્મા એવા હશે જેમનું 'બુકિંગ' નહીં હોય. નિરંતર ધર્મ-પારાયણ ચાલી રહ્યું છે. સંત શિરોમણિ મોરારિ બાપુ અને પ્રસિદ્ધ ભાગવત કથાકાર 'ભાઈશ્રી' રમેશભાઈ ઓઝાથી લઈ સાવ કૉલેજિયન ગર્લ જેવી લાગતી કન્યા-કથાકારોએ સિંધસ્થની ધર્મચેતના જગાડવામાં પોતપોતાની ક્ષમતા અનુસાર નૈવેદ્ય અર્પ્યું છે. ઉપર-નીચે બેઉ સરકારો ભાજપની છે અને ભાજપ એની હિંદુ વોટબેંકને મજબૂત રીતે પકડી રાખવા કૃતસંકલ્પ છે. શિવરાજસિંહે વિધાનસભાની ચૂંટણીમાં હેટ્રિક લગાવ્યા પછી એ વડાપ્રધાનપદના વૈકલ્પિક દાવેદાર તરીકે પણ ચૂપચાપ ઊપસી રહ્યા છે બલકે વરિષ્ટ નેતા લાલકૃષ્ણ અડવાણીનું ચાલ્યું હોત તો નરેન્દ્ર મોદીની જગ્યાએ શિવરાજસિંહને જ વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે આગળ ધરી દેવાયા હોત. સંઘમાં શિવરાજસિંહ પ્રત્ય બધા કૂણી લાગણી ધરાવે છે. વ્યાપમ ગોટાળાના ઓછાયામાં મહાકાલ અને કાલભૈરવની પ્રાચીન નગરીમાં કુંભનું આયોજન આવી પડતાં શિવરાજસિંહ માટે ઘણી આસાયેશ થઈ ગઈ હતી. ઉજ્જૈનમાં જ રાજા ભોજ અને મહાકવિ કાલિદાસ પણ થઈ ગયા છે. બલકે હિંદી કવિતાના એક ગુરુશિખર સમા કવિ શિવમંગલ સિંહ 'સુમન' પણ આ જ નગરીની સરજત. એમાં જયારે કુભનું વૈશ્વિક સાંસ્કૃતિક મહા પર્વ ઊજવવાની શુભ તક હતી ત્યારે સ્વાભાવિક રીતે જ સમસ્ત ભારતીય જનતા પાર્ટી અને કેન્દ્ર-રાજયની સરકાર કોઈ કચાશ ન જ રહેવા દે. ક્ષિપ્રા આડા દિવસે ગરનાળું બની જતી હોય છે, પણ છેલ્લાં બે વરસથી એની સાફસૂફી ચાલતી હતી, એમાં બહારનું પાણી ઠાલવીને એને ઊછળતી-કૂદતી કરી દઈ શ્રદ્ધાળુઓ માટે અક્ષયવટ કે રામઘાટ પર ડૂબકી લગાવી સીધાં જ મોક્ષનાં દ્વાર ખોલી નાખવાની રોમાંચક કાર્યવાહી પર નાગાઓથી લઈ તમામ અખાડા આફરીન હતા. એટલે અખાડાઓ વચ્ચેના પારંપારિક વૈમનસ્યનાં એકાદ-બે છમકલાંથી વધારે કશી જ 'અપ્રિય' ઘટના છેક સુધી બની નથી. પરંતુ પ્રકૃતિને કદાચ કુંભપર્વની છબી પર

તંત્રીસ્થાનેથી...

એકાદ મેંશનું ટપકું લગાવડાની ચાનક ચડી ગઈ અને એકાએક ફૂંકાયેલા વાવાઝોડા તથા વરસાદને લીધે ઘણા પંડાલ ઊખડી ગયા, સાતેક જીવોનો સદેહે મોક્ષ થઈ ગયો થતા ક્ષિપ્રામાં ડ્રેનેજ પાઈપ તૂટી જતા શહેરનું ગંદુ પાણી ભળી ગયું! હજી આપણા નેતાઓની કુંભ-ડૂબકીનો દૌર તો બાકી જ છે. પ્રયાગના કુંભ નિમિત્તે સોનિયા ગાંધી સુદ્ધાં ડૂબકી મારવા પહોંચ્યા હતાં. ઉજ્જૈનમાં વડાપ્રધાન માટે ગાયના છાણથી લીંપેલી એરકંડિશન્ડ કુટિર રાહ જોઈ રહી છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ તો દલિતો સાથે જ ડૂબકી લગાવી પાર્ટીની નવી આંબેડકરી છબી નિખારવા કૃતસંકલ્પ છે. પરંતુ કુદરત કહેતાં પ્રકૃતિ અને કાળ કહેતાં મહાકાળને કદાચ આ બધા પ્રપંચ વચ્ચે પોતાનું તાંડવ બતાવવાની સનક જાગી, પરિણામે ગમે તેટલી ચોકસાઈ છતાં સાત વ્યક્તિઓ જે પૈકી એક તો સાધુ છે - એમનું બલિદાન લેવાઈ ગયું. અગાઉ હરિદ્વાર અને નાસિકમાં તથા છેલ્લે પ્રયાગમાં આવી ઘટનાઓ બનેલી છે, એની સરખામણીએ આ ઘટના નાની ઘટના જ ગણાય.

ગામડાંના 'વાન' બદલવા મહાત્મા ગાંધીની શિખ

દરેક ગામમાં ઈસ્પિતાલ હોય એ કરતાં ગ્રામસફાઈ અને સુવિધા જરૂરી

બાપુએ શિક્ષણનો મહિમા ક્યારેય ઓછો આક્યો નથી પરંતુ સ્વચ્છતાની વાત આવે ત્યારે ગામડાંઓના બનેલા દેશ એવા હિન્દુસ્તાન અક્ષરજ્ઞાન કરતાં પણ અન્ય અનેક બાબતો એવી તેમણે દર્શાવી કે સમાજજીવનમાં એ વસ્તુઓ જરુરી છે.

ભારતના ગામડાઓમાંની ગંદકીને જોઈને તેઓ સૌથી પહેલાં તો આઝાદીની લડાઈમાં ગંદકી દૂર કરવી એ પહેલો મુદ્દો છે એમ જ સમજાવવા લાગતા હતા. સમર્થ લોક કેળવણીકાર એવા મહાત્મા ગાંધી સ્વચ્છતાની જાળવણી થકી આરોગ્યપ્રદ વાતાવરણ ઊભું કરવાનું શિખ આપતા એવું કહેતા કે 'લોક કેળવણીનો વિચાર કરતાં અક્ષરજ્ઞાનની આવશ્કતાને બહુ જ ગૌણ સ્થાન મળે છે. જીવનનાં મુખ્ય અંગોને સારું અક્ષરને સ્થાન જ નથી એમ કહી શકાય' એવો આત્યંતિક વિચાર તેમણે મૂક્યો હતો. પાછા પોતાના વિચાર પાછળ તર્કબદ્ધ દલીલ એવી કરતાં કે મોક્ષ એ આપણી આત્યંતિક સ્થિત છે. કોણ ના પાડશે કે ઔહિક અને પારલૌકિક મોક્ષને સારું અક્ષરની જરુર નથી, કરોડોના અક્ષરજ્ઞાનને સારું, સ્વરાજ પ્રાપ્તિને સારું આપણે રોકાવું પડે તો સ્વરાજ પ્રાપ્તિ લગભગ અશક્ય જેવી થઈ પડે. અને દુનિયાના મહાન શિક્ષકો જેવા કે ઈશુ ઈત્યાદિને અક્ષરજ્ઞાન હતું એવું કોઈએ કહ્યું નથી.

મહાત્મા ગાંધી આ વાત કરીને અક્ષરજ્ઞાનનું મહત્વ ક્યાંક ઓછું કરતા હતા એવું નથી પરંતુ અક્ષરજ્ઞાનથી પણ વધુ મહત્ત્વની એવી સામાજિક બાબતોને માત્ર અક્ષરજ્ઞાનના સંદર્ભે ગૌણ ગણાવી લેવામાં આવે એ તેમને રુચતું ન હતું.

નવજીવન વિચારપત્રની શિક્ષણ અને સાહિત્યની પૂર્તિમાં 'ગામના રોગ' લેકમાં તેઓ સ્પષ્ટ કરે છે કે આ લેખમાળાની કલ્પનામાં અક્ષરજ્ઞાન છેલ્લે આવે છે. તે સાધન છે, સાધ્ય નથી. અક્ષરજ્ઞાનનો સાધન તરીકેનો ઉપયોગ ઘણો છે તે જગજાહેર છે. પણ કામધંધામાં પડેલા, ઉંમરે પહોંચેલા કરોડો ખેડૂતોને સારું ક્યા જ્ઞાનની આવશ્યકતા છે એનો વિચાર કરતા આપણે જોઈએ છીએ કે અક્ષરજ્ઞાનના પહેલા અનેક વસ્તુઓ એવી છે કે જેનું જ્ઞાન તેમને આજે મળી જવું જોઈએ.

લેખમાળામાં આટલી વાત કર્યા પછી તેઓ ગામડાની વાત કરે છે. તેઓ ભારતના ગામડાંના સામાન્ય રોગ તાવ, બંધકોશ અને ફોડા હોય છે. આ ત્રણેય રોગથી પીડાતા ખેડતોના કામમાં ખલેલ આવે છે. આ ત્રણેય રોગના ઘરઘરાઉ ઈલાજ જાણી લેવાનું જરુરી હોવાનું દર્શાવતા તેઓ કહે છે કે આ વ્યાધિઓની ઉપેક્ષા કરીને આપણે કરોડો રૂપિયાનું નુકસાન ખમીએ છીએ. આ રોગનું નિવારણ બહુ સહેલું હોવા છતાં તે તરફ ધ્યાન અપાતું નથી.

તત્કાલીન ભારતની તે સમયની ગામડાંઓમાં વ્યાપ્ત આ ત્રણ રોગની વ્યાધિઓના શાસ્ત્રીય ઉપચાર દર્શાવતા તેઓ કહે છે જો ગામની સ્વચ્છતા સધાય તો ઘણા રોગો થતા જ અટકે. અને વૈદ્ય માત્ર જાણે છે કે રોગનો સર્વોત્તમ ઈલાજ તેને થતો અટકાવવો એ છે. બદહજમી અટકાવતાં બંધકોશ અટકે; ગામની હવા સ્વચ્છ રાખતાં તાવ અટકે. ગામનું પાણી સ્વચ્છ રાખવાથી અને નિત્ય સ્વચ્છ, પાણીથી નાહવાથી ફોડા અટકે, અને ત્રણે રોગ થઈ આવે તો તેનો સરસ ઉપચાર તો બાપુ બતાવે જ છે, ઉપવાસ.

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

ગામડામાં ઈસ્પિતાલ હોવી જોઈએ, અથવા તે નહીં તો એક ડિસ્પેન્સરી તો હોવી જ જોઈએ, એવી માન્યતા હું ચોમેર જોઉં છું. મેં તો એવી આવશ્યકતા મુદ્દલ જોઈ નથી. ઘણા ગામોની આસપાસ એવી સંસ્થાઓ હોય તો સારું, ખરું. પણ આવી વસ્તુ મહત્ત્વ આપવા યોગ્ય નથી એમ તેઓ સ્પષ્ટ કરે છે. ઈસ્પિતાલ હોય ત્યાં દરદીઓ તો ભરાવાના જ. તેની ઉપરની એવું અનુમાન ન ખેંચાય કે સાત લાખ ગામડામાં સાત લાખ ઈસ્પિતાલ હોય તો મહાન ઉપકાર થાય.

દરેક ગામડાંનું દવાખાનું, ગામડાની શાળા હોય અને ગામડાનું વાચનાલય હોય તો મહાન ઉપકાર થાય. પણ આ ત્રણેયના મકાનનો વિચાર કરીએ તો એ રીતે બધા ગામડાંને

અનુસંધાન પાના નં. ૭ પર

માનવ સ્વભાવનું મહાકાવ્ય (લેખાંક-૧)



વાંસલડી ડોટ કોમ,
મોર પીછ ડોટ કોમ,
ડોટ કોમ વૃંદાવન આખ્ખું,
કાનજીની વેબસાઈટ એટલી વિશાળ છે કે
કયા કયા નામ એમાં નાખું.

-કૃષ્ણ દવે

વાતે વાતે જયશ્રીકૃષ્ણ બોલનારી આપણી ધર્મ પ્રધાન પ્રજા કૃષ્ણ વિશે વાંચવામાં ભારે આળસું છે. કૃષ્ણને હવે હવેલીમાં નહીં, વિશ્વના વિરાટ ફલક પર પામવાના છે. આજનું ધર્મક્ષેત્ર અને કુરુક્ષેત્ર ઈન્ટરનેટને કારણે વિરાટ બની ગયું છે. નવી પેઢીને હવે સાઈબર-કૃષ્ણ ધ્વારા પ્રબોધાતા ધર્મની વ્યાપકતા અને સુક્ષ્મતા ગમી જાય તેમ છે. આજની નવી પેઢી જયારે યુધિષ્ઠિરની યુધિષ્ઠિરતા, અર્જુનની અર્જુનતા, દૂર્યાનની દૂર્યોધનતા, દ્રૌપદીની દ્રૌપદીતા, કર્ણની કર્ણતા, ભીષ્મની ભીષ્મતા ઉપરાંત યુગાવતાર કૃષ્ણની કૃષ્ણતા સમજશે ત્યારે ભાર ગરીબ નહીં હોય. મોડર્ન મેનેજમેન્ટ સાથે ગીતાનો અનુબંધ થાય તો દેશની ગરીબી ટકી જ ન શકે.

મહાભારત-માનવસ્વભાવનું મહાકાવ્ય આ ગ્રંથ ગુણવંત શાહ રચિત છે જે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને લેખકે અર્પણ કર્યો છે. ૬૬૪ પાનામાં લખાયેલ આ ભાષ્યને વાંચતા તેની દિવ્યતા અને ભવ્યતાનો ખ્યાલ આવે છે.

ભારત દેશમાં ખૂબ ઓછા લોકો હશે જેમણે મહાભારત વાંચવાનું સાહસ કર્યું હોય. તેમાંય આખ્ખું મહાભારત વાંચનારા વિરલાઓની સંખ્યા તો ખૂબ જ ઓછી હોવાની. ભારતના સરેરાશ લોકોનું મહાભારત અંગેનું જ્ઞાન એટલે ટીવી સીરિયલરૂપે આવતી શ્રેણી મહાભારતમાં બતાવવામાં આવેલા એપીસોડ પૂરતું મર્યાદિત કહી શકાય.

ગુણવંત શાહ રચિત માનવ સ્વભાવના મહાકાવ્યને વાંચતા ભારતીય સંસ્કૃતિ અને તેની સુંદરતા પર વધુ માન ઉપજે છે. કૃષ્ણ લાગતા હતા એથી વધુ વ્હાલા લાગવા માંડે છે. કૃષ્ણ સહિતના તમામ પાત્રો આપણી સાથે વાત કરતાં હોય એમ લાગે. પાત્રોની સાથે બનતી ઘટનાઓનું અર્થઘટન આપણા જ્ઞાન અને સમજમાં ચોકકસ પણે વધારો કરે છે. ભીમ, નકુલ, સહદેવ, દ્રૌપદી, અર્જુન, યુધિષ્ઠિર એક વ્યકિત તરીકે આપણી સમક્ષ રજૂ થાય છે. પરિણામે પોતીકા લાગે છે. લેખકે કરેલું માનવ સ્વભાવનું અર્થઘટન આપણી સમજને એક ઊંચાઈ બક્ષે છે.

આ ગ્રંથ વાંચતી વખતે આપણને તેનું બેકગ્રાઉન્ડ મ્યુઝિક સંભળાતુ જ રહે છે. કયુ જાણો છો :

કરિષ્યે વચનં તવ.

અને હા, વાચકોએ એક ખોટા ખ્યાલમાંથી બહાર નિકળી જવું પડે કે આ ગ્રંથ મહાભારતની કહાની નથી. કે ભાગવત કથા નથી. પરંતુ માનવ સ્વભાવને પામવાની મથામણ છે.

અદબ-પલાંઠી મોં પર આંગળી
ડો. સંતોષ દેવકર

મહાભારતમાં શું નથી? તેવા એક પ્રશ્નના જવાબમાં વિનોબાજી કહે છે - વ્યાસજી મહાભારતમાં પાંડવોને તેર વરસ જંગલમાં મોકલે છે. અને આપણને પણ એમની પાછળ પાછળ ફેરવે છે. નદી, પર્વત, જંગલો ખૂંદતાં-ખૂંદતાં તેઓ જાય છે, તો આખી ભૂગોળની જાણકારી વ્યાસજી આપણને આપતા જાય છે. દ્રૌપદી ક્યારેક કોઈ ઋષિને પૂછે છે : અરે! અમારા જેટલી તકલીફ ક્યારેય કોઈએ સહન કરી હશે? તો ઋષિ જવાબ આપે છે : હા, સીતાને પણ આવી તકલીફ સહન કરવી પડી હતી અને એમ કહીને આખું રામાયણ સંભળાવશે. મહાભારતમાં થોડામાં બહુ જ સુંદર રામાયણ આપણને વાંચવા મળે છે. આવી જ રીતે નળ-દમયંતી, સાવિત્રી વગેરેની કથાઓ પણ મહાભારતમાં આપણને મળે છે.

મહાભારતનું આટલું મર્મસ્પર્શી અર્થઘટન મારા વાંચવામાં આવ્યું નથી. યુગે-યુગે નૂતન કૃષ્ણ જૂજવે સ્વરૂપે પ્રગટ થતા જ રહે છે. આવા નિત્યનૂતન એવા નિત્ય સંન્યાસી કૃષ્ણને સમજવાનો પ્રયત્ન આ ગ્રંથમાં થયો છે. આપણા વ્યકિતગત લાઈંગ સાથે સતત જોડાયેલું યુનિવર્સલ બીઈંગ એ જ કૃષ્ણતા છે.

(ક્રમશઃ)

મિસરી

મારી વૈજ્ઞાનિક શોધ તથા મારી થિયરીઓની રચનામાં પ્રેરણા અને માર્ગદર્શનના મુખ્ય સ્ત્રોત તરીકે મેં ગીતા ઉપરાંત સંસ્કૃત સાહિત્યને સાથે રાખ્યાં હતાં.

- આઈનસ્ટાઈન (ધ હિન્દુ તા. ૧૫.૧૨.૨૦૦૨)

કંઠસ્થ પરંપરા અને લોકસાહિત્યમાં જીવનમૂલ્યો વિષયક પરિસંવાદ

● ભારતના ઉત્કૃષ્ટ બંધારણના મહાન શિલ્પી, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના સમાપનટાણે, ગુજરાતી દલિત સાહિત્ય સભાના ઉપક્રમે બી. કેશરશિવમ્‌નાં બે પુસ્તકો (૧) બી. કેશરશિવમ્‌ની આદિજાતિ ચેતનાની વાર્તાઓ એ (૨) બી. કેશરશિવમ્ વાર્તાસ્પર્ધા 'આદિજાતિ ચેતનાની વાર્તાઓ' નું લોકાર્પણ અને વિમોચન - સમારંભના અધ્યક્ષ માન. મહામહિમ રાજયપાલ માન. ઓ.પી. કાહલીજીના હસ્તે, ગુજરાત વિદ્યાપીઠના ગાઈડ પ્રોફેસર ડૉ. ઉષાબેન ઉપાધ્યાય અને મૂર્ધન્ય સાહિત્યકાર-નવલકથાકાર ડૉ.કેશુભાઈ દેસાઈના વિશેષ અતિથિપદે તા.૫.૫.૨૦૧૬ના રોજ રાજભવન ખાતે થયું. આ લોકાર્પણ સમારોહમાં સાહિતયકારો અને ભાવકો ભાગ્યેશ જહા, સંજય પ્રસાદ, સી.આર. બિશ્વાસ, આસી. ડી.જી. ડૉ. નીરાબેન, ડૉ. દલપત ચૌહાણ, રમણલાલ વાઘેલા, આનંદ વસાવા, ચિત્રસેન શાહ વિગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

● અમદાવાદ મ્યુ. કોર્પોરેશનના ઉપક્રમે આયોજિત 'નેશનલ બુક ફેર' માં તા.૫.૫.૨૦૧૬ના રોજ રિવરફ્રન્ટ, અમદાવાદના 'જ્ઞાનગંગા' હોલ નં. ૧માં 'મારી નજરે આંબેડકર' શીર્ષક હેઠળ વિચારગોષ્ઠી કાર્યક્રમ યોજાઈ ગયો જેમાં ગુજરાતના અગ્રણી દલિત સર્જકો - હરીશ મંગલમ્, પ્રવીણ ગઢવી, સાહિલ પરમાર અને નટુભાઈ પરમારે વકતવ્યો આપ્યાં હતા. આ કાર્યક્રમનું સંચાલન પ્રવીણ શ્રીમાળીએ કર્યું હતું.

રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા ફેબ્રુઆરીના સમયખંડમાં દિલ્હી ખાતે સાહિત્યોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં ગુજરાતમાંથી ભગવાનદાસ પટેલે 'અલિખિત સાહિત્ય - મૌખિક પરંપરા' બેઠકના અધ્યક્ષપદેથી 'ભીલ આદિવાસી મૌખિક પરંપરા' વિશેનો લેખ રજૂ કર્યો હતો અને સિતાશું યશચંદ્ર 'અભિવ્યક્તિ કી સ્વતંત્રતા' અંગેની બેઠકના અધ્યક્ષસ્થાને હતી.

● ફેબ્રુ.૨૦૧૬માં ટી.બી. આર્ટ્સ કૉલેજ, સુરતના ઉપક્રમે 'આદિવાસી લોકસાહિત્ય એવં સંસ્કૃતિ' વિષય પર એક રાષ્ટ્રીય પરિસંવાદ યોજાઈ ગયો.

● ફેબ્રુ.૨૦૧૬માં શિવશંકર ચુનીલાલ જોષી ચેરિટેપલ ટ્રસ્ટ દ્વારા વિશ્વભાષાદિને ડૉ. જયાનંદ જોષી સ્વ. શંકરભાઈ તડવી, શ્રીમાળી રેવાબેન તડવી તથા પ્રા. કાનજી પટેલનું 'શિવમ્ એવોર્ડ સન્માન' થી નવાજીને બહુમાન કરવામાં આવ્યું હતું.

● પ્રિયદર્શિની એકેડમી દ્વારા સાહિત્યક્ષેત્રના એવોર્ડ કાર્યક્રમમાં ગુજરાતી ભાષાના સાહિત્યકારો રાધેશ્યામ શર્માનું 'ચંદાબહેન મોહનભાઈ પટેલ એકેડમી ગુજરાતી લિટરરી એવોર્ડ' આપી સન્માન કરવામાં આવ્યું હતું.

● ભદ્રંકર વિદ્યાદીપક વ્યાખ્યાન શ્રેણીના ઉપક્રમે, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા યોજાતી વ્યાખ્યાન શ્રેણીના ૨૩૮મા વ્યાખ્યાન અંતર્ગત શ્રી ચંદ્રકાન્ત શેઠે 'કવિ પ્રેમાનંદ' વિશે વકતવ્ય આપ્યું હતું.

● 'દર્શન ફાઉન્ડેશન' અંતર્ગત મધુસૂદન કાપડિયાના બે પુસ્તકોના આસ્વાદનો કાર્યક્રમ ગોવર્ધન સ્મૃતિ વિષે ચંદ્રકાન્ત શેઠે અને 'વત્સલનાં નયનો' વિશે સતીશ વ્યાસે આસ્વાદ - વકતવ્યો આપ્યાં હતા.

● તા.૮મી માર્ચ, ૨૦૧૬ના રોજ 'એની સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ' અંતર્ગત યોગેશભાઈ જોષીએ અછાંદસ વિશે વિગતવાર ઉદાહરણો સાથે ચર્ચા કરી હતી. પુસ્તક 'વિદ્યાબહેન નીલકંઠ : ગુજરાતની નારીચેતનાના અગ્રેસર'નો વિમોચન કાર્યક્રમ સિતાંશુ યશચંદ્રની અધ્યક્ષતામાં યોજાઈ ગયો. જેમાં ઉષાબહેને ઉપાધ્યાયે આવકાર આપીને ભૂમિકા બાંધી હતી. મધુસુદન પારેખે 'વ્યક્તિત્વ અને વાઙ્મય વિશે વકતવ્ય આપ્યું હતું. ચંદ્રકાન્ત ટોપીવાળાએ અને સિતાંશુ યશચંદ્રે વ્યકવ્યો આપ્યાં હતા. કાર્યક્રમનું સંચાલન શ્રીમાર્ગી હાથીએ અને આભારદર્શન શ્રીમતી શૈલજા પરીખે કર્યું હતુ.



સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

● ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટ અને માતુશ્રી ડી.બી. પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે આટકોટ ખાતે 'કંઠસ્થ પરંપરા અને લોકસાહિત્યમાં જીવનમૂલ્યો' વિષયક પરિસંવાદ યોજાઈ ગયો જેમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. ગિરીશભાઈ ભીમાઈ ઉપસ્થિત રહ્યા હતા. જોરાવરસિંહ જાદવે 'લોકસાહિત્યમાં જીવનમૂલ્યો' વિશે, ડૉ. નિરંજન રાજયગુરુએ 'સંત સાહિત્યમાં જીવનમૂલ્યો' અને ડૉ. અંબાદાન રોહડિયાએ 'ચારણી સાહિત્યમાં જીવનમૂલ્યો' વિશે વકતવ્યો આપ્યાં હતા.

● મેઘરજ ખાતે ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર રાજકોટ અને સરકારી કૉલેજ, મેઘરજના સંયુકત ઉપક્રમે રાજયકક્ષાનો 'મુસ્લિમ કવિઓનું સાહિત્યિક પ્રદાન' વિશેનો પરિસંવાદ યોજાઈ ગયો, જેમાં મુખ્ય અતિથિ તરીકે ડૉ. બળવંત જાની અને મહેન્દ્રસિંહજી ચૌહાણ તથા ડૉ. અંબાદાન રોહડિયાની વિશેષ ઉપસ્થિતિમાં રહી હતી. જેમાં જે.એમ. ચંદ્રવાડિયાએ 'મધ્યકાલીન મુસ્લિમ કવિઓ અને મીઠો ઢાઢી, ભરત પંડ્યાએ 'મુસ્લિમ સંત કવિઓના ભજનોમાં ભારતીય જીવનમૂલ્યો'' અને પિંકી પંડ્યાએ 'પીર શમ્સકૃત રાજા ગોવર ચંદની આખ્યાનની ભાષા વિશે વકતવ્યો આપ્યા હતા.'હસિત મહેતાઓ 'અબ્દુલ રહેમાન', 'ઋષિકેશ રાવલે', અનવર કાજી', પ્રભુદાસ પટેલ 'મામંદ' અને પ્રેમજી પટેલે 'મીર મુરાદ' વિશે વકતવ્યો આપ્યા હતા.

- muljibhaidadhi@gmail.com